# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

**DONATE LIFE™**
an initiative for organ donation


રેફ નં. તા: ૦૮/૦૭/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________ સુરત

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## અગ્રવાલના સમાજના બ્રેનડેડ વિમલાદેવી સત્યનારાયણ અગ્રવાલના પરિવારે
## કિડની, લીવર અને ચક્ષુઓનું દાન કરી
## ત્રણ વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી દ્રષ્ટિ આપી.

નામ: વિમલાદેવી સત્યનારાયણ અગ્રવાલ ઉ. વ. ૬૫ બ્લડ ગ્રુપ O+

રહેવાસી: એફ-૩૦૩, ઝિંજનવાલા કોમ્પલેક્ષ, તાડવાડી, રાંદેર રોડ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: બીદાસર, જી. ચુરૂ, રાજસ્થાન.

કૌટુંબિક વિગત : પતિ: સ્વ. સત્યનારાયણ હરિરામજી અગ્રવાલ (૩ વર્ષ પહેલા મૃત્યુ પામ્યા હતા)

પુત્રો: ૧. મુરલીધર સત્યનારાયણ અગ્રવાલ ઉ. વ. ૪૫

વ્યવસાય: લીંબડીમાં આવેલ આર. આર. બીઝનેશ પ્રા. લિ. માં જોબ કરે છે.

૨. ગજાનંદ સત્યનારાયણ અગ્રવાલ ઉ. વ. ૩૬

વ્યવસાય: રીંગરોડ ટેક્ષટાઇલ માર્કેટમાં આવેલ રાધિકા પ્રિન્ટર્સમાં જોબ કરે છે.

બનાવની વિગત:

રવિવાર તા. ૩ જુલાઈ, ૨૦૧૬ના રોજ વિમલાદેવીને વોમિટીંગ થતા, તેમની તબિયત બગડતા, બેભાન અવસ્થામાં સોમવાર તા. ૪ જુલાઈ ના રોજ મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલમાં સવારે ૧૧.૦૦ કલાકે ડૉ. અમિત ચાઉની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે CT બ્રેઈન અને MRI બ્રેઈન કરાવતાં તેમા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

૨...


**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

::૨::

બુધવાર તા. ૬ જુલાઈ, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. અજય શર્મા અને ન્યુરોફિઝીશ્યન ડૉ. હરેશ પારેખે વિમલાદેવીને બ્રેનડેડ જાહેર કર્યા.

મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલના ઇન્ટેન્સીવીસ્ટના ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી વિમલાદેવીના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમે હોસ્પિટલ પહોંચી વિમલાદેવીના બંને પુત્રો મુરલીધર અને ગજાનંદને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

વિમલાદેવીના બંને પુત્રો મુરલીધર અને ગજાનંદે જણાવ્યું કે "અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યુ છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે બે ચક્ષુઓનું દાન ચપણ આઈ બેંકના ડૉ. બીના ગલસરે સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની જામનગરના રહેવાસી ઉપેન્દ્ર જોશી ઉ.વ. ૫૮ માં અને બીજી કિડની અમદાવાદના અનીલકુમાર હનુમાપ્પા ઉ.વ. ૪૮ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના રહેવાસી કિશોર ઉપાધ્યાય ઉ. વ. ૫૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બંને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ.જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં વિમલાદેવીના બંને પુત્રો મુરલીધર અને ગજાનંદ, અગ્રવાલ પરિવારના સભ્યો, ન્યુરોસર્જન ડૉ. અજય શર્મા, ન્યુરોફિઝીશ્યન ડૉ. હરેશ પારેખ, ઇન્ટેન્સીવીસ્ટના ડૉ. અંકિત ગજ્જર, ડૉ. અમિત શાહ, મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઇફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજાવટ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઇફ દ્વારા ૧૫૮ કિડની, ૫૬ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૫ હૃદય અને ૧૩૬ ચક્ષુઓનો દાન મેળવીને ૩૫૮ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961